# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૫/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર આયોજિત વેબિનારમાં USA માં બિઝનેસ કરવા માટેના વિવિધ પ્રેક્ટીકલ સ્ટેપ્સ વિશે ઉદ્યોગકારોને માર્ગદર્શન અપાયું

## ટેક્ષ્ટાઇલ કમિશનર રૂપ રાશીએ વેબિનારમાં જોડાઇને ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કર્યા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૪ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ઝૂમ એપ્લીકેશનના માધ્યમથી 'ટેન પ્રેકટીકલ સ્ટેપ્સ ફોર ડુઈંગ બિઝનેસ ઇન યુએસએ એન્ડ વીથ ગર્વમેન્ટ ઓફ યુએસએ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે ગ્લોબલ નેટવર્ક, વાઇબ્રન્ટ માર્કેટ્સ, મેન્ટર ઓન રોડ, સ્માર્ટ વિલેજ અને વાઇબ્રન્ટીનર્સના ચીફ મેનેજિંગ ડિરેકટર ડો. જગત શાહે ઉદ્યોગકારોને યુ.એસ.એ.માં બિઝનેસ કરવા માટેના મહત્વના દસ પ્રેકટીકલ સ્ટેપ્સ વિશે માર્ગદર્શન આપ્યું હતું. અત્રે નોંધનીય છે કે, મુંબઇ સ્થિત ટેક્ષ્ટાઇલ કમિશનર રૂપ રાશીએ પણ વેબિનારમાં જોડાઇને ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કર્યા હતા અને પોતે પણ નોલેજનો લાભ લીધો હતો.

ડો. જગત શાહે ઉદ્યોગકારોને જણાવ્યું હતું કે, અમેરિકામાં ૮૮ ટકા લોકો ઓનલાઇન ખરીદી કરે છે. આથી સ્માર્ટફોન, ઇન્ટરનેટ અને ક્રેડીટ કાર્ડ ધરાવતા લોકો ઓનલાઇન બિઝનેસ કરવા ઇચ્છતા ભારતના ઉદ્યોગ સાહસિકોના ગ્રાહક બની શકે છે. ગોલ્ડ એન્ડ જ્વેલરીનો રૂપિયા ૩૫૦૪ કરોડનો બિઝનેસ ઓનલાઇન થાય છે. જેમાં પણ ક્રેડીટ કાર્ડથી પેમેન્ટ થયા બાદ જ ડિલીવરી મળે છે. એમાં મહત્વની બાબત એ છે કે આ

જ્વેલરીમાં ઉપયોગમાં લેવાતા બધા જ ડાયમંડ સુરતમાં બને છે. જ્યારે મોટા ભાગની જ્વેલરી ભારતમાં જયપુર ખાતે બનેલી હોય છે. તેમણે વિવિધ ઓનલાઇન વેબસાઇટ વિશે વિસ્તૃત માહિતી આપી હતી, જેના થકી અમેરિકાના બાયર્સ સાથે બિઝનેસ કરી શકાય.

તેમણે કહયું કે, અમેરિકામાં બિઝનેસ કરવા માટે વન વે બેંક એકાઉન્ટ ખોલી શકાય છે. જેમાં માત્ર રૂપિયા જ જમા કરાવી શકાય છે. આના માટે પહેલા આરબીઆઇની મંજૂરી લેવી પડતી હતી અને ત્રણેક મહિનાનો સમય પણ લાગતો હતો, પરંતુ હવે તો આરબીઆઇની મંજૂરી પણ લેવાની જરૂર નથી. ભારત સરકાર દ્વારા દેશમાંથી વિવિધ દેશોમાં નિર્યાત વધારવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે, ત્યારે ભારતના ઉત્પાદકો સાથે સંપર્ક વધારી અમેરિકાના બાયર્સને શોધી તેમની સાથે નેટવર્ક વધારી શકાય છે. એના માટે તેમણે ઉદ્યોગકારોને લીન્કડીન ઉપર એકાઉન્ટ ક્રિએટ કરી અમેરિકાના બાયર્સને કોન્ટેકટ કરવાની સલાહ આપી હતી.

તેમણે ઉદ્યોગ સાહસિકોને જુદા–જુદા વેર હાઉસિસનો પણ સંપર્ક સાધવા જણાવ્યું હતું. અમેરિકાના ખરીદદારો મોટા ભાગના ઓટો કોમ્પોનન્ટ પણ દેશના રાજકોટ, ચેન્નાઇ અને જયપુરમાંથી ખરીદી કરે છે. અમેરિકાના આ બાયર્સનો સંપર્ક સાધી તેઓની સાથે બિઝનેસ કરી શકાય છે. તેમણે કહયું કે, ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ ચલાવવાનો નથી પણ તેઓને બિઝનેસને ગ્રો કરવાનો છે. આથી બિઝનેસ ચલાવવા માટે યુવાનોને નોકરીએ રાખવાની અને તેઓને સ્કીલ કરવાની સલાહ તેમણે આપી હતી. આવું કરવાથી ઉદ્યોગ સાહસિકો રોજગારી પણ ઉભી કરશે. જેના માધ્યમથી તેઓ સરકારની વિવિધ સ્કીમોનો પણ લાભ લઇ શકશે.

ઉદ્યોગ સાહસિકોને તેમણે કહયું કે, અમેરિકાના મોટા બાયર્સને પોતાની કંપનીમાં ૨૫ ટકાનો પાર્ટનર બનાવી શકાય છે. આથી તે કાયમ માટે તમારી સાથે જોડાયેલો રહેશે. આ ઉપરાંત કોઇ પણ પ્રોડકટના કવોલિટી પ્રોડકશન માટે અમેરિકાના બાયર્સ સાથે મળીને રોકાણ પણ કરી શકાય છે. આશરે ૨૫ લાખ લોકો એમેઝોન પરથી સેલ કરે છે. જ્યારે ૨ લાખ લોકો પોતાની રીતે સેલ કરીને વાર્ષિક રૂપિયા ૭૫ લાખનો નેટ પ્રોફીટ કરે છે. પહેલા સંપૂર્ણપણે પ્રિપરેશન કરીને જ માર્કેટમાં જવાની તેમજ સ્પેન્ડ, વરી એન્ડ અર્નની દિશામાં આગળ વધવાની સલાહ તેમણે ઉદ્યોગ સાહસિકોને આપી હતી.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે માનદ્ મંત્રી દીપક કુમાર શેઠવાલાએ વેબિનારનું સંચાલન કર્યું હતું. વેબિનારમાં ઉદ્યોગ સાહસિકો દ્વારા કરાયેલા વિવિધ સવાલોના વકતાએ સંતોષકારક જવાબ આપ્યા હતા. વેબિનારના અંતે ચેમ્બરના ભૂતપૂર્વ માનદ્ મંત્રી મનિષ કાપડીયાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.